અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૩૧૭૩-૩૨૧૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૦/૧૦/૨૦૨૦

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે શાળાઓમાં દિવાળી વેકેશન નિયત કરવા બાબત.
સંદર્ભ:- અત્રેની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રતિવર્ષ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર તૈયાર કરવામાં આવતું હોય છે. જેમાં નિયત કરવામાં આવતી વેકેશનની તારીખો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં લાગુ પડતી હોય છે. ચાલુ વર્ષે કોવિડ-19 ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરુ થઇ શકેલ ન હોવાથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર નિયત થઇ શકેલ નથી.

ઉપરોક્ત સંજોગોમાં વેકેશનલ સ્ટાફ માટે દિવાળી વેકેશનના સમયગાળા અંગે સ્પષ્ટતા કરવી જરૂરી બનેલ છે. આ સંદર્ભમાં પ્રતિવર્ષની જેમ શાળાઓમાં વેકેશનલ સ્ટાફ માટે દિવાળી વેકેશનનો સમયગાળો નિયત કરવા અંગે અત્રેની ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં શાળાઓમાં દિવાળી વેકેશન તા.૨૯/૧૦/૨૦૨૦ થી તા.૧૮/૧૧/૨૦૨૦ સુધી ૨૧ દિવસનું નિયત કરવામાં આવે છે. જેનો અમલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કરવાનો રહેશે. શાળાઓમાં લેવાનાર સત્રાંત પરીક્ષા અંગે હવે પછી અલગથી સૂચના આપવામાં આવશે.

ઉપરોક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

તા. ૨૦/૧૦/૨૦.

(બી. એન. રાજગોર)
સંયુકત નિયામક
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ શાળાઓ,
૨/- જાણ તથા અમલ થવા સારુ...

ગ્રાન્ટ, નોનગ્રાન્ટ, સરકારી તમામ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.